# <u>સાબરકાંઠા જીલ્લાના મજુર અદાલતના પ્રમુખ અધિકારીશ્રી</u>
# <u>એસ.યુ.બાબર સમક્ષ, મુ. હિંમતનગર.</u>

**રેફરન્સ (એલ.સી.એચ.) નં.૬૪/૨૦૨૨**
**આંક–૧૨**

**પ્રથમ પક્ષકાર** :– **ગુજરાત અંબુજા એક્સપોર્ટ લી.,**
બાયોકેમીકલ ડીવીઝન,
વૃંદાવન, મુ.પો.દલપુર,
તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.

**વિરુધ્ધ**

**બીજા પક્ષકાર** :– **મકવાણા પ્રધ્યુમનસિંહ મંગળસિંહ,**
રહે.મું.પો.પોગલું,
તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠા.

**હાજર રહયા :– પ્રથમ પક્ષકાર તરફે :** વિ.વ.શ્રી બી.એમ.જોષી
**બીજા પક્ષકાર તરફે :** વિ.પ્રતિ.શ્રી ડી.સી.સિંહાલી

## – : : હુકમ : : –

(૧) બીજા પક્ષકાર શ્રી મકવાણા પ્રધ્યુમનસિંહ મંગળસિંહ, રહે.મું.પો.પોગલું, તા.પ્રાંતિજ, જી.સાબરકાંઠાને પડેલા દિવસોના પગાર સહિત મુળ જગ્યાએ નોકરીમાં પુન:સ્થાપીત કરવા કે કેમ ? તેના ન્યાય નિર્ણય સારૂ સદરહુ રેફરન્સ મદદનીશ શ્રમ આયુકતશ્રી સાબરકાંઠાના તા.૧૮/૧૧/૨૦૨૨ના હુકમ ક્રમાંક નં.મશ્રઆ/હિંમત/આઈ.ડી.આર–૨૨/૨૦૨૨/૩૦૬૭ના હુકમથી અત્રેની અદાલતમાં મોકલવામાં આવેલ છે.

**(૨) માંગણાના નિવેદનની હકિકતો :–**

હાલના કામે બીજા પક્ષકાર શ્રમયોગીને આંક–૨ વાળી નોટીસ ધોરણસર બજી જતા તેઓએ આંક–૫ થી રજુ કરેલ માંગણા નિવેદનમાં બીજા પક્ષકાર કામદારે જણાવેલ છે કે, તેઓ પ્રથમ પક્ષકાર સંસ્થામાં કાયમી કામદાર તરીકે ઈલેકટ્રીકસ પ્લાન્ટમાં હેલ્પરના હોદ્દા ઉપર તા.૨૧/૦૪/૧૯૯૫ ની તારીખથી ખંત અને વફાદારીપૂર્વક પ્રમાણીકતાથી ફરજો બજાવતા હતાં. વધુમાં તેઓ જણાવે છે કે, પ્રથમ પક્ષકાર સંસ્થાએ બનાવેલ કંપની યુનિયનના તેઓ સભ્ય ના હોય સંસ્થાને ન ગમતા ઓલ ગુજરાત જનરલ મજદુર સેવા સંઘ ના સભ્ય છે અને પ્રથમ પક્ષકાર લઘુત્તમ વેતન કરતા પણ ઓછુ વેતન આપી ભયંકર શોષણ કરતા હતાં. તેથી બીજા પક્ષકાર તથા બીજા કામદારોએ જોડાઈને પગાર વધારાની માંગણી મુકેલી જે હાલમાં નામ.ઔદ્યોગીક ન્યાય કોર્ટની સક્ષમ રેફરન્સ(આઈ.ટી.) નં.૧૧૬/૨૦૦૯ થી પેન્ડીંગ છે. વધુમાં તેઓ જણાવે છે કે, સદરહુ રેફરન્સની માંગણીઓ પાછી ખેંચી લેવા પ્રથમ પક્ષકાર સંસ્થા તેઓને દાબ દબાણ આપતા અને અવાર નવાર નોકરીમાંથી છુટા કરવાની ધમકીઓ આપતા હતા અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદાર અને અન્ય કામદારો ઉપર કિન્નાખોરી તથા ભેદભાવ રાખીને કોઈ પણ નોટીસ કે નોટીસ પગાર આપ્યા વગર ખાતાકીય તપાસ કર્યા વગર મૌખીક હુકમ થી તા.૧૭/૧૦/૨૦૧૫ થી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે અને ત્યારબાદ અવાર નવાર રોજેરોજ કામે જવા છતા કામે રાખેલ નથી. પ્રથમ પક્ષકાર સંસ્થાએ બીજા પક્ષકાર કામદારને છુટા કર્યા બાદ તેઓએ મદદનીશ શ્રમ આયુકતશ્રીની સમક્ષ પડેલા દિવસોના પગાર સાથે મુળ જગ્યાએ નોકરીમાં દાખલ કરવા સારૂ ફરીયાદ દાખલ કરેલ અને તેમાં પ્રથમ પક્ષકારના કોઈ પ્રતિનીધી હાજર રહેલ નહિ કે રજુઆત કરેલ નહિ. તેથી હાલનો રેફરન્સ થયેલ છે. પ્રથમ પક્ષકાર સંસ્થાએ નોકરીમાંથી છુટા કર્યા ત્યારથી બીજા પક્ષકાર કામદારે નોકરી મેળવવા માટે પણ ઘણી જગ્યાએ પ્રયત્નો કરેલા પરંતુ નોકરી મળેલ નથી અને હાલ બેકાર છે. સંસ્થામાં બીજા પક્ષકાર કામદાર જે કામ કરતા હતા તે કામ હાલમાં ચાલુ છે અને તે કામ નવા માણસો મારફતે કરવામાં આવે છે. બીજા પક્ષકાર કામદારે પ્રથમ

પક્ષકાર સંસ્થા તરફથી નોકરીમાંથી છુટા કરવાના પગલાને ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને મનસ્વી ગણાવી બીજા પક્ષકાર કામદારને પડેલા દિવસોના પગાર સાથે સળંગ નોકરી ગણી પ્રથમ પક્ષકાર સંસ્થા નોકરીમાં રાખી લેવા અંગેની દાદ માંગેલ છે.

(૩) હાલના કામે પ્રથમ પક્ષકાર સંસ્થાને ધોરણસરની બજવણી થતા તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર રહેલા અને આંક–૬ થી પોતાનો લેખીત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારે નામ.મજુર અદાલત સમક્ષ રેફરન્સ(એલ.સી.એચ.)નં.૩૭/૨૦૧૯ દાખલ કરેલ. જેમાં બીજા પક્ષકાર કામદારે તા.૧૭/૧૦/૨૦૧૫ થી તેઓને છુટા કરેલ હોવાનું જણાવેલ છે અને સદરહુ રેફરન્સ બીજા પક્ષકાર કામદારે નામ.અદાલતમાં પુરસીસ આપીને પાછો ખેંચી લીધેલ. જેમાં તેઓએ જણાવેલ કે, અમદાવાદ ખાતે ફરીયાદ દાખલ કરેલ હોય તે જ વિષયવસ્તુ અંગેનો રેફરનસ આગળ ચલાવવા માગતા ન હોય, તેઓ સ્વેચ્છાએ રાજીખુશીથી કેસ પરત ખેચવા પરવાનગી માગેલ અને નામ.અદાલતે કેસ પરત ખેંચી લેવાની પરવારનગી આપતો હુકમ તા.૧૪/૧૨/૨૦૧૯ ના કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, બીજા પક્ષકાર કામદારે ઉપરોકત જણાવ્યા મુજબની છુટા કર્યાની તારીખ એટલે કે, તા.૧૭/૧૦/૨૦૧૫ ના આધારે નવો રેફરન્સ દાખલ કરેલ છે. તે ઉપરાંત હાલમાં નામ.ઔદ્યોગીક ન્યાય પંચ સમક્ષ ફરીયાદ ચાલી રહેલ છે અને તે સંજોગોમાં હાલનો રેફરન્સ રેસજયુડીકેટા અને એસ્ટોપલના સિધ્ધાંતના આધારે કાયદેસર રીતે ટકી શકે તેમ નથી અને તેથી હાલનો રેફરન્સ આ પ્રાથમિક મુદ્દાના આધારે રદ કરવા નામ.અદાલતને અરજ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તા.૧૭/૧૦/૨૦૧૫ ના રોજ બીજા પક્ષકાર નોકરી ઉપરથી છુટા થયેલ નથી કે કરવામાં આવેલ નથી અને તેથી કોઝ ઓફ એકશનના અભાવે પણ હાલનો રેફરન્સ રદ કરવા અરજ કરેલ છે.

(૪) ઉપરોકત કેસની હકિકત વંચાણે લેતા તેમજ રેકર્ડ ધ્યાને લેતા હાલના કામે બીજા પક્ષકાર/કામદાર તરફે કોઈ માંગણા નિવેદન સબંધે કોઈ પુરાવો કે સોગંદનામું રજુ કરવામાં આવેલ નથી. બીજા પક્ષકાર કામદારને તા.૧૭/૧૦/૨૦૧૫ થી ગેરકાયદેસર રીતે છુટા

કરેલાની હકિકતો સાથેનો હાલનો રેફરન્સ ન્યાય નિર્ણય માટે અત્રેની કોર્ટ તરફ મોકલી આપવામાં આવેલ છે. આ બાબતે બીજા પક્ષકાર તરફે કોઈ મૌખીક પુરાવો કે દસ્તાવેજી પુરાવો હાલના કામે રજુ કરવામાં આવેલ નથી. જેથી કહી શકાય કે, બીજા પક્ષકારે કેસની હકિકતો પુરાવાર કરવા માટેના કોઈ પ્રયત્ન કરેલ નથી. બીજા પક્ષકારે પ્લીડીંગ કે પુરાવાથી પોતાનો કેસ પુરવાર કરેલ નથી. જે તમામ હકિકતો જોતા બીજા પક્ષકાર કામદારની નોકરી અંગેની તથા છુટા કર્યાની હકિકતો પુરવાર થતી નથી અને તેથી બીજા પક્ષકાર કામદારને પડેલા દિવસોના પગાર સહિત પુન:સ્થાપિત કરવા બાબતેનો પણ કોઈ પુરાવો બીજા પક્ષકાર ધ્વારા રજુ કરવામાં આવેલ નથી. આમ, બીજા પક્ષકારે આ કામે હાજર રહી પ્રથમ પક્ષકારે તેઓને તા.૧૭/૧૦/૨૦૧૫ ના રોજથી ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે છુટા કરેલાનું પુરવાર કરેલ ન હોય ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## -:: હુકમ ::-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ પુરાવાના અભાવે **રદ** કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**તારીખ : ૨૯/૦૯/૨૦૨૫**
**સ્થળ: હિંમતનગર.**

**(સંગ્રામ ઉદયસિંહ બાબર)**
**પ્રમુખ અધિકારી,**
**મજુર અદાલત, હિંમતનગર.**
**જજ કોડ નં.જીજે૦૧૧૭૮**

R.P.Bagada